# આંધ્રમાં ટ્રેનમાં ભીષણ આગમાં ૨૬ યાત્રી ભડથું

## નાંનદેડ-બેંગ્લોર એક્સપ્રેસ ટ્રેનના ડી-૧ એરકંડીશન ડબ્બામાં આગ : આગ ફાટી નીકળી ત્યારે ડી-૧ કમ્પાર્ટમેન્ટમાં કુલ ૫૭ યાત્રી હતા : ઓળખી ન શકાય તે હદ સુધી યાત્રીઓ દાઝ્યા : વહેલી પરોઢે ૩.૨૫ વાગે દુર્ઘટના

બેંગ્લોર,તા. ૨૮

આંધ્ર પ્રદેશમાં અનંતપુર જિલ્લામાં કોથાચેરુ રેલવે સ્ટેશન નજીક નાનંદેડ-બેંગ્લોર એક્સપ્રેસમાં એન્જિનથી ચોથા નંબર પર થ્રી ટાયર કોચ-ડી-૧માં સત્ય સાંઈ પ્રશાંતિ નિલયમ રેલવે સ્ટેશન નજીક આ બનાવ બન્યો હતો. તે વખતે તમામ આગના બનાવ બાદ રેલવે તંત્રમાં પણ ભારે ભાગદોડ મચી ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી આવી ગયા હતા. એકાએક કમ્પાર્ટમેન્ટમાં આગ ફાટી નીકળી ત્યારે ૫૭ યાત્રીઓ હતા. કેટલાક અનંતપુર જિલ્લાના નાનંદેડ ખાતે આ બનાવ બન્યો હતો. ગંભીર રીતે દાઝી ગયેલા આઠ લોકોને હોસ્પિટલમાં યાત્રીઓ હતા. બેંગ્લોરથી આ ટ્રેન શુક્રવારે રાત્રે ૧૧ વાગે રવાના થઈ હતી અને મહારાષ્ટ્રના નાનદેંડ તરફ કોઈ માહિતી મળી શકી નથી. ફાયરબ્રિગેડની ટુકડી પણ મદદમાં લેવામાં આવી હતી. ધર્મા વરમ અને પુથ્થા પારથી શહેરમાં સરકારી રેલવે દ્વારા રિઝર્વેશન ચાર્ટના આધાર ઉપર યાત્રીઓની ઓળખ કરી છે. ડીએનએ ટેસ્ટ પણ ઓળખ કરવા માટે કરવામાં આવે તેવી શક્યતા છે.






ભીષણ આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા ૨૬ યાત્રીઓ બળીને ભડથું થઈ ગયા હતા. માર્યા ગયેલાઓમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. આગના આ બનાવમાં અન્ય ૧૩ લોકો ઘાયલ થઈ ગયા હતા જે પૈકી મોટા ભાગના યાત્રીઓની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ટ્રેનના લોકો ઉંઘમાં હતા. આ જગ્યા બેંગ્લોરથી ૧૭૦ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં છે. આગની જાણ થતા જ ડ્રાઈવરે રેલવે સ્ટેશન નજીક ટ્રેકને રોકી દીધી હતી પરંતુ આ ગાળા સુધી ખૂબ મોડુ થયુ હતુ. આ બનાવમાં અનેક યાત્રીઓને નાની મોટી ઈજાઓ પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. નાનંદેડ-બેંગ્લોર એક્સપ્રેસ ટ્રેનમાં તાત્કાલિક ધોરણે હાથ ધરી શકાઈ ન હતી. મળેલી માહિતી મુજબ આ આગ ડી-૧ એરકંડીશન કમ્પાર્ટમેન્ટમાં લાગી હતી અને તેની અસર ખૂબ વધારે જોવા મળી હતી. સીટ નંબર ૬૨થી ૭૨ સુધી બેઠેલા તમામ લોકો આ આગના સકંજામાં પેસેન્જરોએ સેફટી માટેની ચેઈન ખેંચી હતી અને ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા. સ્થાનિક સત્તાવારાઓએ કહ્યું છે કે ૨૬ યાત્રીઓ બળીને ભડથું થઈ ગયા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આજે સવારે આંધ્રપ્રદેશના દાખલ કરવામાં આવ્યા છે. ૧૬૫૯૪ બેંગ્લોર-નાનાંડેદ એક્સપ્રેસમાં આ આગ લાગી હતી. એસી કમ્પાર્ટમેન્ટમાં આગ લાગ્યા બાદ તેના નજીકના બે ડબ્બા પણ સકંજામાં આવી ગયા હતા. જે કમ્પાર્ટમેન્ટમાં આગ લાગી તેમાં ૫૮ જઈ રહી હતી પરંતુ આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાં આજે સવારે આશરે ૩.૨૫ વાગે આ ટ્રેનના એસી કમ્પાર્ટમેન્ટમાં આગ ફાટી નીકળી હતી. બચાવ ને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આગ લાગવાના કારણ અંગે હોસ્પિટલમાં તબીબી સ્ટાફને એલર્ટ કરવાની સૂચના આપી હતી. બચાવ અને રાહત કામગીરી પણ ઝડપી બનાવવા સૂચના અપાઈ હતી. ભારે જહેમત બાદ નજીકના ફાયર સ્ટેશનથી પહોંચેલી ટૂકડીએ આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. મોટાભાગના યાત્રીઓ ઓળખી ન શકાય તે હદ સુધી દાઝી ગયા હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આગ ફાટી નીકળી ત્યારે યાત્રીઓ ઊંઘમાં હતા અને જે યાત્રીઓ જાગી ગયા હતા તે લોકોએ કુદી જતા પહેલાં જ ટ્રેનને રોકી દીધી હતી. આગામી કમ્પાર્ટમેન્ટમાં પણ જ્વાલાઓ ફેલાઈ ગઈ હતી. એસી કમ્પાર્ટમેન્ટમાં શોર્ટ સર્કિટના લીધા આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.

## ટ્રેનમાં આગથી મુખ્યમંત્રી કિરણકુમાર હચમચી ઉઠ્યા : રાહતની જાહેરાત

### મૃતકોના પરિવારને પાંચ લાખના વળતર માટે જાહેરાત

બેંગ્લોર,તા. ૨૮

આંધ્રપ્રદેશમાં આજે સવારે થયેલી ટ્રેન દુર્ઘટનાના મામલામાં મુખ્યમંત્રી કિરણ કુમાર રેડ્ડીએ આઘાત વ્યક્ત કર્યો હતો અને ટ્રેનમાં ફાટી નીકળેલી આગના મામલામાં બચાવ અને રાહત કામગીરી તીવ્ર બનાવવા સત્તાવારાઓમાં સૂચના આપી હતી. દરમિયાન મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારના સભ્યોને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આગના બનાવોમાં દાઝી ગયેલા યાત્રીઓને વધુ સારી સારવાર માટે કોર્પોરેટ હોસ્પિટલમાં ખસેડવાની પણ સૂચના આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અનંતાપુર જિલ્લામાં કોથાચેરુ રેલવે સ્ટેશન નજીક આ બનાવ બન્યો હતો જેમાં ૨૩ યાત્રીઓ બળીને ભડથું થઈ ચૂક્યા છે. ભારતીય ટ્રેનોમાં ઓટોમેટીક વોટર જેટ સહિતની સુવિધાનો અભાવ હોવાની બાબત સપાટી ઉપર આવી છે.

## દેશમાં રાત્રે એટીએમને બંધ રાખવાની હિલચાલ

### હાલમાં મળેલી બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરાયો : આગામી મહિનાથી સુરક્ષા પાસાંના ભાગરૂપે ઓછી લેવડ દેવડ સાથેના એટીએમને રાત્રે બંધ રાખવા માટેનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૮

એક મહત્વપૂર્ણ હિલચાલના ભાગરૂપે બેંકો રાત્રી ગાળામાં એટીએમને આંશિક રીતે બંધ રાખવાની દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. આ અંગે વિચારણા ચાલી રહી છે. આગામી મહિનાથી સુરક્ષા પાસાના ભાગ તરીકે ઓછી લેવડ દેવડ સાથેના એટીએમનો આંશિક રીતે બંધ રાખવામાં આવશે.



એટીએમ ઉપરસુરક્ષા ઉપલબ્ધ કરાવવાના મુદ્દા ઉપર ઈન્ડિયન બેંક એસોસીએશનની હાલમાં યોજાયેલી બેઠકમાં આ મુદ્દે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં બેંકોએ એવો નિર્ણય કર્યો હતો કે રાત્રી ગાળામાં ટ્રાફિક નહીં હોવાથી એટીએમને બંધ રાખી શકાય છે. આ વિકલ્પ ખૂબ ઉપયોગી છે. ઈન્ડિયન બેંક એસોશીએશન દ્વારા આરબીઆઈને પત્ર લખીને તેના નિર્ણયની જાણ કરી હતી. બેંકોએ હવે નિષ્ણાંતો પાસેથી અભિપ્રાય લીધા છે અને લો ટ્રાફિકવાળા એટીએમને રાત્રી ગાળામાં બંધ રાખવામાં આવશે. સાથે સાથે જ્યાં ગાર્ડને ગોઠવી શકાય છે તે જગ્યાઓના એટીએમને પણ ઓળખી કાઢવામાં આવશે. વધુમાં ઈ જાસૂસીની પ્રક્રિયા પણ જોખમી સ્થળ ઉપર રાખવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે રાત્રી ગાળામાં એટીએમને બંધ રાખવાથી લેબર ખર્ચને ઘટાડી શકાશે. સાથે સાથે ઓપરેટીંગ ખર્ચને પણ ઘટાડી શકાશે. રેવેન્યુને પણ નોંધપાત્ર રીતે ઘટાડી શકાશે. આઈબીએ દ્વારા બેંગ્લોરમાં બનાવના અનુસંધાનમાં સભ્ય બેંકોની બેઠક બોલાવી હતી. બેંગ્લોરમાં એક મહિલા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો અને ગાર્ડ વગરના એટીએમમાં તેને ગંભીર રીતે ઈજા પહોંચાડવામાં આવી હતી. આ બેઠકમાં બેંકોએ અન્ય પાસાં ઉપર પણ વિચારણા કરવામાં આવી હતી. કેટલીક બેંકોએ એવો અભિપ્રાય આપ્યો હતો કે સીસી ટીવી મારફતે મોનીટરીંગ થઈ શકે છે. કિયોસ્ક મારફતે નજર રાખવામાં આવશે. બેંકોએ એવી જગ્યાઓએ ગાર્ડના પાસાં ઉપર પણ ચર્ચા કરી હતી જ્યાં જુદી જુદી બેંકોના એટીએમ એકબીજાની નજીક આવેલા છે. બેંકોને જરૂરી માર્ગદર્શિકા જારી કરી દેવામાં આવી છે. રિઝર્વ બેંકને પણ આ અંગે જાણ કરવામાં આવી છે.

## ભાજપ નેતા હર્ષવર્ધનની કેજરીવાલે કરેલી પ્રશંસા

નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ભાજપના વરિષ્ઠનેતા હર્ષવર્ધનની ભારે પ્રશંસા કરી હતી અને કહ્યુ હતુ કે હર્ષવર્ધ ખૂબ સારી વ્યક્તિ છે. પરંતુ તેઓ તેમની પાર્ટી અંગે કોઈ પણ વાત કરશે નહીં.

રામલીલા મેદાન ખાતે શપથ લીધા બાદ તેમના ભાષણમાં કેજરીવાલે કહ્યુ હતુ કે હર્ષવર્ધન ખૂબ સારી વ્યક્તિ છે. તેઓ તેમને જાણે છે પરંતુ ભાજપ અંગે તેઓ કાંઈ ટિપ્પણી કરશે નહીં. ડોક્ટરમાંથી રાજકારણી બનેલા હર્ષવર્ધન દિલ્હી ચૂંટણીમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર હતા પરંતુ તેઓ સરકારની રચના કરવામાં નિષ્ફળ ગયા હતા કારણ કે ભાજપ રાજ્યવિધાનસભામાં બહુમતિના આંકડાથી ચાર સીટ ઓછી રહી ગઈ હતી. કેજરીવાલે શિલા દિક્ષીતનો ઉલ્લેખ કર્યો ન હતો. શિલા દિક્ષીતની અવગણના કરી હતી. શિલા દિક્ષીત દિલ્હીમાં ૧૫ વર્ષ સુધી મુખ્યમંત્રી રહ્યા હતા.

## આદર્શ વિવાદને ટૂંકમાં ઉકેલી લેવા સોનિયા ગાંધીની ખાતરી

### તપાસ અહેવાલ પર ટૂંકમાં ફેરવિચારણા થઈ શકે : કોંગ્રેસના સ્થાપના દિવસના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ ખાતરી આપી : મહારાષ્ટ્ર ઉપર દબાણ

નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે કહ્યુ હતુ કે આદર્શ હાઉસિંગ



સોસાયટી મામલાને ટૂંકમાં જ ઉકેલી લેવામાં આવશે પરંતુ મિડિયાએ બિન કોંગ્રેસ શાસિત રાજ્યોમાં ભ્રષ્ટાચારના કેસોમાં પણ ધ્યાન આપવું જોઈએ. આજે પક્ષના રાષ્ટ્રીય વડામથક ખાતે કોંગ્રસના સ્થાપના દિવસના પ્રસંગે ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે આદર્શ મામલો પક્ષની અંદર ચર્ચા કરવામાં આવી ચુક્યો છે. ભ્રષ્ટાચારને દૂર કરવામાં આવશે. ફુગાવાને કાબૂમાં લેવાના તમામ પ્રયાસ કરાશે. સોનિયા ગાંધીએ ઉમેર્યુ હતુ કે મિડિયાએ વિરોધ પક્ષો દ્વારા શાસિત અન્ય રાજ્યોમાં પણ ભ્રષ્ટાચારમાં તપાસ કરવી જોઈએ. અમારો મતલબ એ છે કે અન્યોની ભૂલ પણ શોધી કાઢવી જોઈએ. અત્રે નોંધનીય છે કે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ ગઈકાલે જ કહ્યુ હતુ કે આદર્શ હાઉસિંગ સૌસાયટી કૌભાંડ અહેવાલ પર ફેર વિચારણા થવી જોઈએ.

અત્રે નોંધનીય છે કે ૨૦મી ડિસેમ્બરના દિવસે મહારાષ્ટ્ર સરકારે આદર્શ સૌસાયટી કૌભાંડ અંગે રાજ્ય વિધાનસભામાં તપાસ અહેવાલ રજુ કર્યો હતો ત્યારબાદ આને ફગાવી દેવામાં આવ્યો હતો. આદર્શ કૌભાંડને ફગાવી દેવામાં આવ્યા બાદ ભાજપના નેતાઓએ આની ગંભીર નોંધ લીધી હતી અને ભ્રષ્ટાચારના મામલે કોંગ્રેસની ટિકા કરી હતી. હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ જેએ પાટિલ અને ભૂતપૂર્વ મુખ્ય સચિવ પી સુબ્રામણ્યમના બનેલા બે સભ્યોના પંચ દ્વારા જે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો તેમાં મોટા પાયે ભાઈ ભત્રીજાવાદ, સગાવાદ, તરફેણવાદની વાત કરવામાં આવી હતી. કાયદાઓનો વ્યાપક દૂરુપયોગ કરવાની પણ આમાં વાત કરવામાં આવી હતી. આદર્શ કૌભાંડ અંગે આ પંચના અહેવાલમાં ઘણા બધા લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. જેના લીધે ભાજપને નવો મુદ્દો મળી ગયો હતો. આખરે કોંગ્રેસે પણ આ મામલામાં ફરી ધ્યાન આપવાનો નિર્ણય કર્યો છે. ડેમેજ કન્ટ્રોલની કવાયત કોંગ્રેસ પાર્ટી દ્વારા છેલ્લા બે દિવસથી હાથ ધરવામાં આવી છે

## સુઝેનની રિતિક પાસેથી ૧૦૦ કરોડની માંગણી

મુંબઈ,તા. ૨૮

રિતિક રોશન અને સુઝેન વચ્ચેના સંબધોમાં તિરાડ પડ્યા બાદ હવે એવી ચર્ચા છે કે છુટા છેડા બાદ સુઝેન રિતિક રોશન પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવા જઈ રહી છે જો કે આ સંદર્ભમાં હજુ સુધી અહેવાલોને સમર્થન મળ્યુ નથી. ક્રિસ-૩ની સુપર સફળતા બાદ રોશન પરિવારે જંગી નાણાં ઉભા કરી લીધા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ છુટાછેડાના ભાગરૂપે રિતિક રોશન પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવનાર છે.

## મોદીએ ઈમેજ બદલવા માટે રમખાણ સંદર્ભે નિવેદન કર્યુ

### લોકસભા ચૂંટણી પહેલા નિવેદનથી નવા પ્રશ્નો : લાંબા ગાળા બાદ મોદી હવે ઈમેજ મેકઓવર વ્યૂહરચના અપનાવી છે : ભાજપને ફાયદો થશે નહીં : અંબિકા સોની

નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસે આજે વર્ષ ૨૦૦૨ની ગુજરાત રમખાણના મામલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વ્યક્ત કરવામાં આવેલી પીડા અને અનુભવ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને આક્ષેપ કર્યો હોત કે લોક સભાની ચૂંટણી પહેલા પોતાની ઈમેજને બદલવાના હેતુસર મોદી આ વ્યૂહરચના અપનાવી રહ્યા છે. પક્ષના જનરલ સેક્રેટરી અંબિકા સોનીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુકે ઈમેજ મેકઓવરના પ્રયાસરૂપે આ નિવેદન કરવામાં આવ્યુ છે. સોનીએ કહ્યુ હતુ કે કોમી રમખાણોને ૧૦થી ૧૨ વર્ષનો ગાળો થઈ ગયો છે પરંતુ હજુ સુધી આ પ્રકારની પ્રતિક્રિયા આવી ન હતી. એકાએક મોદીએ આ પ્રકારનું નિવેદન કર્યુ છે. લોકસભાની ચૂંટણી પહેલા જ આ અંગેનું નિવેદન કરવામાં આવ્યુ છે. ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસના ૧૨૮માં સ્થાપના દિવસના પ્રસંગે એઆઈસીસી હેડક્વાટર્સ ખાતે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ તિરંગો ધ્વજ લહેરાવ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા સોનીએ આ મુજબની વાત કરી હતી. ૧૦૦૦ શબ્દો વાળા બ્લોગમાં ૨૦૦૨ની રમખાણના સંદર્ભમાં મોદીની તમામ બાબતોનો ઉલ્લેખ છે. જેમાં મોદીએ કહ્યુ છે કે કોમી રમખાણોને લઈને તેઓ આઘાતમાં હતા. સોનીએ કહ્યુ હતુ કે જ્યારે પણ કોંગ્રેસની સ્થિતિ નબળી પડી છે ત્યારે કોમવાદી તાકતો ફરી સપાટી પર આવી છે અને હવે ફરી એકવાર આ પ્રકારના લોકો સક્રિય થઈ રહ્યા છે. જ્યારે પણ કોમવાદી તાકાતો મજબુત બની છે ત્યારે કોંગ્રેસે પરી શાનદાર વાપસી કરી છે અને તેમને બોધપાઠ ભણાવ્યો છે. નરેન્દ્ર મોદીએ ગઈકાલે જ કોમી રમખાણોના સંદર્ભમાં બ્લોગ પર પોતાની ભાવના રજુ કરીને દેશના લોકો સમક્ષ પત્ર રજુ કર્યો હતો જેને લઈને આજે પણ ચર્ચા રહી હતી.

## દોઢ કરોડ દિલ્હીવાસીઓ મળીને સરકાર ચલાવશે'

નવી દિલ્હી, તા. ૨૮

શનિવારે બપોરે ૧૨ વાગ્યે અરિવંદ કેજરીવાલ દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનમાં દિલ્હીના સાતમાં મુખ્યપ્રધાન તરીકે શપથ-ગ્રહણ કર્યા હતા. તેમની સાથે જ અન્ય છ મંત્રીઓ મનીષ સિસોદિયા, સોમનાથ ભઆરતી, રાખી બિરલા, સત્યેન્દ્ર જૈન, સૌરભ ભારદ્વાજ અને ગિરીશ સોનીએ પણ મત્રી તરીકે શપથગ્રહણ કર્યા છે.

દિલ્હીના ઉપ રાજ્યપાલ નઝિબ વીઆઈપી પાસ રાખવામાં આવ્યું નથી. દિલ્હી ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી પણલોકો હાજર રહ્યા હતા.

## વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

અમેરિકન ઇન્સ્ટીટ્યુટ ઓફ બાયોલોજીકલ સાયન્સના અહેવાલ પ્રમાણે ફક્ત યુનાઇટેડ સ્ટેટ્સમાં ડંગ બીટલ્સ દ્વારા છાણ જમીનમાં ભેળવીને સફાઇ તથા ફળદ્રુપતામાં મદદ થવાથી ૩૮૦ મિલિયન યુ.એસ. ડોલર જેટલી કિંતમનો ફાયદો થાય છે. પશુપાલન કરતાં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જેવા દેશો સાઉથ આફ્રિકા અને યુરોપ જેવા દેશોમાંથી ઉપયોગી ડંગ બીટલ્સની વિવિધ જાતિઓનાં કીટકો મંગાવીને તેમના જમીની વિસ્તારોમાં મુક્ત કરે છે. આ માટે ઘણાં દેશોમાં ડંગ બીટલ્સ ઉછેર માટેનાં પ્રોજેક્ટ્સ અને યોજનાઓ પણ ચાલે છે.

ડંગ બીટલ્સ જાતના નાના કીટકોના ગ્લોબલ વોર્મિંગ ઘટાડવાના એક મહત્ત્વના કાર્યથી આપણે સહુ આજદિન સુધી સદંત્તર અજાણ હતા. હાલમાં જ થયેલાં એક અભ્યાસ પ્રમાણે ડંગ બીટલ્સ ઢોરોના છાણમાંથી વાતાવરણમાં મુક્ત થતાં અતિ હાનિકારક હરિત વાયુ (ગ્રીન હાઉસ) મિથેન ગેસનું પ્રમાણ ઘટાડે છે. યુનિવર્સિટી ઓફ હેલ્સીન્કી, ફિનલેન્ડના વૈજ્ઞાનિકો દ્વારા થયેલા સંશોધન પ્રમાણે ઢોરોના છાણમાંથી મુક્ત થતાં મિથેન ગેસને ડંગ બીટલ્સ પાંચ ગણો ઓછો કરી નાખે છે.

ચીનમાં ડંગ બીટલ્સનો ઉપયોગ દસ જેટલા રોગોની દવામાં થાય છે. થાઇલેન્ડના લોકો ડંગ બીટલ્સનો ખોરાકમાં ઉપયોગ કરે છે. ઇજીપ્ત જેવા દેશોમાં જૂના ખોદકામના અવશેષોમાં 'ડંગ બીટલ્સ'ના ચિત્રો, કોતરણી કામ, પથ્થરો અને હાથીદાંત વગેરે પર મળી આવ્યા છે. તે સમયે આ કીટકને ખુબ જ મહત્ત્વ અપાતું હતું. કેટલાક સાહિત્યકારો અને ફિલસૂફો ડંગ બીટલ્સને મૃત્યુ અને પુર્નજન્મની સાથે પણ જોડે છે.

ઘાસિયા વિસ્તારો, ગૌચરો, વન વિસ્તારોનો થઇ રહેલો ઘટાડો થતાં પશુપાલનમાં પાલતું ઢોરોને છૂટા મુકીને ચરાવવાનું બંધ થવાથી વિશ્વના ઘણાં ભાગોમાં ડંગ બીટલ્સની વસતી ઘટી રહી છે. કુદરતની એક મહત્ત્વની કડી નબળી પડી રહી છે. જે સંતુલનની સાંકળને નબળી બનાવશે, જે હકીકત છે.

## સમાચાર ઝલક

- અરવિંદ કેજરીવાલની સરકારને અણ્ણા હજારેના આશીર્વાદ સાથે શુભેચ્છાઓ.
- સર્વિસ ટેક્ષની ચોરી માટે ઉમંગ ઠક્કરની ધરપકડ, કરોડોની સર્વિસ ટેક્સની ચોરીનો આરોપ.
- ૨૦૨૮માં વિશ્વમાં ભારતનું અર્થતંત્ર ત્રીજા નંબરે હશે.
- આંધ્ર પ્રદેશના નાંદેડમાં રેલ્વેમાં ભીષણ આગથી ૨૬ વ્યક્તિઓનાં મોત.
- ફિલ્મ અભિનેતા ફારૂખ શેખનું હૃદયરોગથી ૬૫ વર્ષની વયે દુબઇમાં નિધન.
- દેશમાં વાહન ખરીદીમાં ઘટાડો, ગુજરાતમાં પણ અસર.
- ઓઢવમાં પાંચ લાખના હીરાની ચોરીમાં ૭ આરોપીઓ ઝડપાયા.
- મુઝફ્ફરનગરની શિબિરાર્થીઓને પાકા મકાનમાં રખાશે.
- જૂનાગઢમાં એક ખેડૂતે વાયરમાં કરંટ ચાલુ રાખતાં નીલ ગાયોનાં મોત.
- કચ્છમાં ઠંડીનું તીવ્ર મોજું.
- શિક્ષણ વિભાગના કર્મચારીઓએ પરીક્ષા પુસ્તકો સાથે પરીક્ષા આપી છતાં, ૭૦ ટકા નાપાસ થયા.
- કોંગ્રેસનો ૧૨૮ મો સ્થાપના દિવસ ઉજવાયો.
- થાઇલેન્ડમાં બસ અકસ્માતમાં ૨૯ને ઇજા ૨નાં મોત.
- ધીરૂભાઇ અંબાણી અને રતન ટાટાનો આજે જન્મદિવસ ઉજવાયો.
- સોલા પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારી ફરજ દરમિયાન નિંદ્રા માણતાં ઝડપાયો.
- અરવલ્લી જિલ્લામાં ક્વોરી ઉદ્યોગમાં મંદી ૩ દિવસ સપ્તાહમાં બંધ રહેશે.
- રાણપુરમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના તાળા તૂટયા.
- અજીત જોગી એક વર્ષ સુધી ભજન કીર્તન કરશે, રાજકીય સંન્યાસ રાખશે.
- શિક્ષણની ગુણવત્તા સુધારવા પર ભાર મુકતા વડાપ્રધાન મનમોહનસિંહ
- વલસાડ જિલ્લામાં આશ્રમ શાળાના આચાર્યને દુષ્કર્મમાં મદદ કરતી શિક્ષિકા પકડાઇ.